# બહાદુર બળદેવ

– શૈલેષ કે. રાયચુરા

એક સુદર મઝાનુ ગામ હતુ. તે ગામનુ નામ હત વિજયનગર. વિજયનગર દરેક રીતે સુખીસપન્ન ગામ હતુ, તે ગામમા રહેતા લોકો પણ અતિ આનદિત, સુખી અને સતોષી સ્વભાવના હતા.

તે વિજયનગરમા બળદેવ નામનો એક યુવાન છોકરો રહેતો હતો. તે નામ પ્રમાણે જ બળ ધરાવતો હતો. હિમત, બહાદુરીમા તેમજ કામમા તેને અનેક ઈનામો, મેડલો મળ્યા હતા. આથી ગામ લોકો પણ તેના ખૂબ જ વખાણ કરતા હતા.

એક દિવસની વાત છે. શિયાળાની ઋતુ હતી. ગાઢ રાત્રીનો અધકાર સમગ્ર પૃથ્વી ઉપર પથરાઈ ચૂક્યો હતો. આકાશમા આભાલાઓ આખમિચોલી રમવા ઉપર ઉતરી આવ્યા હતા. ઠડી હવા સાય સાય કરતી વીંઝાઈ રહી હતી. બરોબર આવા સમયે ચબલની કોતરોમાથી ચારેક ઘોડેસવારો એવા ડાકુઓ ગામ ભાગવા માટે વિજયનગર તરફ આવી રહ્યા હતા. ખભા ઉપર બદૂકો લટકતી હતી, તેમજ કારતૂસોના હારડાઓ પણ ટીંગાઈ રહ્યા હતા. ચહેરા ઉપર બુકાનીઓ પણ બાધેલ હતી.

વિજયનગર નજીક આવતા જ તે ચારેય ડાકુઓ ઊભા રહી ગયા. ક્યાય કરતા ક્યાયથી પણ ચકલુય ફરકતુ તેઓને જોવા મળ્યુ નહિ. આથી તેઓના ચહેરા આનદિત થઈ ઊઠયા. હા, તેઓને મળેલ બાતમીના આધારે જ તેઓ વિજયનગર તરફ ધસી આવ્યા હતા.

ખાસ કરીને તેઓ ગામમા શાહુકારોને લૂટવા માટે જ આવ્યા હતા. અને તેમા ય શેઠ નરોત્તમદાસ, શેઠ કરોડીમલ, શેઠ ધનરાજ પડિત વગેરેને લૂટવાના ઈરાદે જ તેઓ અડધી રાત્રે મારત ઘોડે આવ્યા હતા.

બળદેવને આજે કેમેય કરીને ઊંઘ આવતી નહોતી, તે ખાટલામા પડયો પડયો પડખા ઘસી રહ્યો હતો. મનમા ન સમજાય તેવી બેચેની ઊઠયા કરતી હતી. બાદમા તે ઊંઘ ન આવવાના કારણે અગાશી ઉપર લટાર મારવા ગયો અને તેની નજર દૂરથી આવતા ચાર ઘોડે સવારો ઉપર પડી. અને તેના મોઢા ઉપર બાધેલ બુકાનીઓ જોઈને તેના હૃદયની ધડકનો તેજ થવા લાગી. હા, નક્કી અડધી રાત્રે ડાકુઓ જ હોય શુ ? કઈ પુજારીઓ તો બુકાની બાધીને અડધી રાત્રે તો ન જ આવે શુ ? ત્યાર બાદ તે દબાતા પગલે નીચે આવી



ઘરમા રાખેલ બદૂક લઈને તે ડેલી ઉઘાડીને બહાર નીકળી ગયો. આ તરફ ડાકુઓ બિન્દાસપણે શેઠ ધનરાજના ઘર પાસે આવ્યા. અને તેઓ જોરશોરથી ડેલાઓ ખટખટાવીને શેઠ ધનરાજને ઉઠાડી, ઘરમા ઘૂસીને લૂટ ચલાવવા લાગ્યા તે સાથે જ બળદેવે બહારથી ડેલીનો દરવાજો બધ કરી દીધો અને ચારેય ડાકુઓ ચોક્યા. તેઓએ આવી કશી જ આશા રાખી નહોતી હો. તેઓ તો શેઠ ધનરાજન બરોબરનો ધમકાવવા લાગ્યા. પરતુ બળદેવ તો

બિન્દાસ બની પોલીસ સ્ટેશને પહોચીને ઈન્સ્પેકટર ઝાલાને સઘળી વાત કરી, અને તે સાથે ઈન્સ્પેક્ટર ઝાલા અને કોન્સ્ટેબલો સહિત બદૂકો સાથે ડાકુઓને જીવતા પકડવા માટે ઘસી આવ્યા.

ચારેય ડાકુઓના શરીર ઉપરથી પરસેવાના રેલાઓ ઉતરી રહ્યા હતા. તેઓએ આવી કશી જ કલ્પના કરેલ નહિ કે કોઈ વ્યક્તિ જાગતી હશે, અને તેઓને રગે હાથે પોલીસને હવાલે કરી દેશે ! અને થોડીવારમા તો ત્યા આગળ બરોબરનુ ધિગાણુ થયુ. ગોળીઓનો રમઝટ બોલી...ધાય....પરતુ અત તો સત્યનો જ જય થતો હોય છે કેમ, બરોબરને ! ચારેય ડાકુઓએ આત્મસમર્પણ કર્યું અને તેઓને જેલનો સજા થઈ. ઇન્સ્પેકટર ઝાલાના હસ્તે બળદેવને તેની બહાદુરીનો પુરસ્કાર, મેડલ મળ્યો. આ જોઈ બળદેવના માતા–પિતા રાજી રાજી થઈ ઊઠયા. વાહ.....બળદેવમા શુ હિમત, બહાદુરી છે હો.

■